Vol. 6, Issue: 3, March: 2018 (IJRSML) ISSN: 2321 - 2853

# સુરત જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠશાળા એવોર્ડ પામેલ ડી.એલ.કે.શાહ સંજીવની હાઈસ્કૂલ, દામકાઃ વ્યક્તિ અભ્યાસ

પ્રિયંકા જે. પટેલ
આસીસ્ટંટ પ્રોફેસર,
શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી. એડ્. કોલેજ, સુરત

## ૧. પ્રસ્તાવના

સૂર્ય જેમ પોતાનાં કિરણોનાં પ્રકાશથી સમગ્ર વિશ્વને તેજોમય અને પ્રકાશમય બનાવે છે, તેમ શિક્ષણ પણ સમાજ, દેશ તેમજ વિશ્વના અંધકાર ને દૂર કરી જ્ઞાનનો પ્રકાશ ફેલાવી તેના ભાવિને તેજોમય અને ઉજ્જવળ બનાવે છે. માટે જ કવિ શામળે પોતાનાં છપ્પામાં સદ્‌વિદ્યાનો મહિમા દર્શાવતાં કહયું છે કે,

" સદ્‌વિદ્યા રત્ન વિશાળ છે, વિદ્યા થી વડુ નહિ કશું
સદ્‌વિદ્યા આગળ ધન કશું , વિદ્યાહીન જન તે પશું"[1]

વિશ્વની શાળા શિક્ષકોની સાથે સાથે બાળકોના સર્વાંગી વિકાસ તરફ ભાર મૂકે છે. જેથી, શાળામાં પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવે છે. આજના યુગમાં શિક્ષણ ખૂબ અગત્યનું બની ગયું છે અને શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન પદ્ધતિ અમલમાં આવી છે. જેથી બાળકો કેવળ અક્ષરજ્ઞાન કે માહિતી મેળવે એટલું પૂરતું નથી, પરંતુ સાથે સાથે સારી રહેણીકરણીથી રહેતાં શીખે તે મહત્વનું છે. તે વિચાર SCBનો પ્રાણ છે. બાળકોને ભણવું ગમે, ગુરૂજીઓ ગમે અને કહેવું ગમે "I like my School, I am Proud of my teachers, I respect my teacher. " આવા ભાર વગરના ભાવારણનું નિર્માણ થવું જોઇએ.

માટે જ શાળામાં ચાલતી શૈક્ષણિક અને બિનશૈક્ષણિક બાબતોને ધ્યાનમાં રાખીને જ જિલ્લા શિક્ષણઅધિકારી દ્વારા શ્રેષ્ઠશાળા એવોર્ડ, શ્રેષ્ઠઆચાર્ય એવોર્ડ, રાજય પારિતોષિક વિજેતા એવોર્ડ, સ્વ.પન્નાલાલ શાહ પારિતોષિક આપવામાં આવે છે. જેનો મુખ્ય હેતુ શાળામાં થતી કામગીરીને પ્રોત્સાહિત કરવાનો અને શિક્ષણની વિકાસગાથા સતત વધે તેવો હેતુ રહેલો છે. આમ, શાળાનાં વર્ગખંડમાં થતી પ્રવૃતિઓ, અધ્યયન યોગ્ય દિશામાં થાયતે જરૂરી છે અને માટે જ,

**નોબેલ પુરસ્કાર વિભૂષિત-શિક્ષિકા ટોની મોરિસન કહે છે કે, " અહીં વર્ગખંડોમાં, હું જે શિક્ષણકાર્ય કરી રહી છું તે નોબેલ પારિતોષિક થી લેશમાત્ર ઓછું મહત્વનું નથી !"** [૧૩] અને માટે જ આજના યુગમાં શિક્ષણનું મહત્વ ખૂબજ વધ્યું છે તે માટે શાળાની વિશિષ્ટ બાબતોને ધ્યાનમાં લઇને એવોર્ડ આપવામાં આવે છે. એવી જ રીતે સુરત જિલ્લાની શ્રેષ્ઠશાળા એવોર્ડ ડી.એલ.કે.શાહ સંજીવની હાઈસ્કૂલ, દામકાને આપવામાં આવેલ છે.

આ શાળા ૧૯૬૦માં ફક્ત ૪૫ વિદ્યાર્થીઓ દ્વારા ગોવિંદકાકાના મકાનમાં શરૂ કરવામાં આવેલી, ત્યાંથી દામકામાં સોસાયટીનું મકાન ખરીદી તેમાં સ્થળાંતર કરવામાં આવ્યું. જેમાં હાઈસ્કલ માટેની પૂરતી સવલત થતાં પૂર્વે પ્રાથમિક અને પ્રાથમિક શાળા શરૂ કરવામાં આવી. પરંતુ તે માટે પૂરતી અનુકૂળતા ન હોવાથી જમીન ખરીદી નવું શૈક્ષણિક સંકુલ બનાવવામાં આવ્યું. આ રીતે આધુનિક સવલત તથા સ્ટેજ તૈયાર કરવામાં આવેલ છે. આ રીતે બધા ભવનો મળી ૧૭૦૦ વિદ્યાથીઓને અભ્યાસ માટેની પૂરતી અનુકૂળતા થઇ શકી છે. અને સંજીવની એક મોટું વટવૃક્ષ શાળા મંડળના ટ્રસ્ટી નગીનભાઇ પટેલ અને આચાર્યશ્રી નવિનભાઇ પટેલ તેમજ સમાજના સહયોગ દ્વારા ઉભું કરવામાં આવેલ છે. આ શાળા દ્વારા સમાજમાં રહેલાં બાળકોનો તેમજ સમાજનો વિકાસ થાય એવા ઉમદા હેતુને ધ્યાનમાં લઇ કાર્ય કરી રહયું છે.
આ શાળાની ઐતિહાસિક ભૂમિકા કેવી છે?
આ શાળાની વિશિષ્ટતા કઇ-કઇ છે?

આ શાળાનાં ભાવિ આયોજનો કેવાં છે?

એ જાણવાના હેતુથી અને સમાજ સમક્ષ આવી શાળા પ્રેરણાદાયી પ્રતિબિંબ પાડવાના હેતુથી સંશોધકે સંશોધનના વિષય તરીકે **"સુરત જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠશાળા એવોર્ડ પામેલ ડી.એલ.કે.શાહ સંજીવની હાઈસ્કૂલ, દામકા: વ્યકિત અભ્યાસ"ની પસંદગી કરી છે.**

**૨. સમસ્યા કથન**

**સુરત જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠશાળા એવોર્ડ પામેલ ડી.એલ.કે.શાહ સંજીવની હાઈસ્કૂલ, દામકા : વ્યકિત અભ્યાસ.**

**૩. સંશોધનના હેતુઓ**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે નીચે મુજબના હેતુઓ નિર્ધારિત કર્યા હતા.

૧. સુરત જિલ્લાકક્ષાએ શ્રેષ્ઠશાળા એવોર્ડ પામેલ ડી.એલ.કે.શાહ સંજીવની હાઈસ્કૂલ, દામકાની ઐતિહાસિક ભૂમિકાનો અભ્યાસ કરવો.
૨. સુરત જિલ્લાકક્ષાએ શ્રેષ્ઠશાળા એવોર્ડ પામેલ ડી.એલ.કે.શાહ સંજીવની હાઈસ્કૂલ, દામકાની સ્થાપના પાછળના હેતુઓનો અભ્યાસ કરવો.
૩. સુરત જિલ્લાકક્ષાએ શ્રેષ્ઠશાળા એવોર્ડ પામેલ ડી.એલ.કે.શાહ સંજીવની હાઈસ્કૂલ, દામકાની ભૌતિક સુવિધાનો અભ્યાસ કરવો.
૪. સુરત જિલ્લાકક્ષાએ શ્રેષ્ઠશાળા એવોર્ડ પામેલ ડી.એલ.કે.શાહ સંજીવની હાઈસ્કૂલ, દામકામાં વર્તમાન સમયમાં શિક્ષણ લેતાં વિદ્યાર્થીઓની સાંખ્યિક માહિતી મેળવવી.
૫. સુરત જિલ્લાકક્ષાએ શ્રેષ્ઠશાળા એવોર્ડ પામેલ ડી.એલ.કે.શાહ સંજીવની હાઈસ્કૂલ, દામકાની વર્તમાન સમયના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીની માહિતી મેળવવી.

**૪. સંશોધનના પ્રશ્નો**

સંશોધનમાં નીચે મુજબનાં પ્રશ્નોના ઉત્તરો મેળવવા માટે હાથ ધરવામાં આવ્યા હતા.

૧. સુરત જિલ્લાકક્ષાએ શ્રેષ્ઠશાળા એવોર્ડ પામેલ ડી.એલ.કે.શાહ સંજીવની હાઈસ્કૂલ, દામકાની ઐતિહાસિક ભૂમિકા શી છે?
૨. સુરત જિલ્લાકક્ષાએ શ્રેષ્ઠશાળા એવોર્ડ પામેલ ડી.એલ.કે.શાહ સંજીવની હાઈસ્કૂલ, દામકાના સ્થાપના પાછળના હેતુઓ કયા-કયા છે?
૩. સુરત જિલ્લાકક્ષાએ શ્રેષ્ઠશાળા એવોર્ડ પામેલ ડી.એલ.કે.શાહ સંજીવની હાઈસ્કૂલ, દામકામાં કઇ-કઇ ભૌતિક સુવિધાઓ ઉપલબ્ધ છે?
૪. સુરત જિલ્લાકક્ષાએ શ્રેષ્ઠશાળા એવોર્ડ પામેલ ડી.એલ.કે.શાહ સંજીવની હાઈસ્કૂલ, દામકામાં વર્તમાન સમયમાં શિક્ષણ લેતાં વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી છે?
૫. સુરત જિલ્લાકક્ષાએ શ્રેષ્ઠશાળા એવોર્ડ પામેલ ડી.એલ.કે.શાહ સંજીવની હાઈસ્કૂલ, દામકાની વર્તમાન સમયના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓની લાયકાત શું છે?

**૫.વ્યાપવિશ્વ અને નમૂનો**

તુત સંશોધનમાં ડી.એલ.કે.શાહ સંજીવની હાઈસ્કૂલ, દામકા સ્વયં વ્યાપવિશ્વ બને છે. આ સંસ્થાના આચાર્ય, શિક્ષકો, વિદ્યાર્થીઓ, સંચાલક મંડળના સભ્યો, વાલીઓનો વ્યાપવિશ્વમાં સમાવેશ થાય છે. પ્રસ્તુત સંશોધન સુરત જિલ્લામાં શ્રેષ્ઠશાળા એવોર્ડ મેળવનાર ડી.એલ.કે.શાહ સંજીવની હાઈસ્કૂલ, દામકા પર હાથ ધરવામાં આવ્યું હતું. જેના સીમાંકનમાં હાઈસ્કૂલ વિભાગનો જ વ્યક્તિ અભ્યાસ દર્શાવવામાં આવ્યું છે. જેથી, નમૂનો ડી.એલ.કે.શાહ સંજીવની હાઈસ્કૂલ વિભાગ

રેહેશે. પ્રસ્તુત સંશોધનમાં સંસ્થાના ટ્રસ્ટી, શાળાના આચાર્ય, શિક્ષકો, વિદ્યાર્થીઓ, સંચાલક મંડળના સભ્યો, વાલીઓ પાસેથી માહિતી મેળવવામાં આવી હતી.

**૬. સંશોધન માટે અપનાવેલી પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધનનાં સંદર્ભમાં સંશોધકે વ્યક્તિ અભ્યાસ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

**૭. સંશોધન ઉપકરણોની પસંદગી.**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધનના હેતુઓ ધ્યાનમાં રાખી માહિતી એકત્ર કરવા માટે સંશોધકે નીચે મુજબ ઉપકરણોની પસંદગી કરી હતી.

**- દસ્તાવેજી સાહિત્ય - સાક્ષ્યપત્રક - અવલોકન પત્રક - પ્રશ્નાવલિ - અભિપ્રાયાવલિ**

**૮.સંશોધનનાં તારણો**

ડી.એલ.કે.શાહ સંજીવની હાઇસ્કૂલ, દામકા સંદર્ભમાં પ્રાપ્ત થયેલ માહિતી અને અર્થઘટન પર આધારિત તારણો નીચે મુજબ છે.

**૮.૧ સંસ્થાની ઐતિહાસિક ભૂમિકા સંબંધી તારણો**

૧. ડી.એલ.કે.શાહ સંજીવની હાઇસ્કૂલ, દામકાની સ્થાપના અધિનિયમ ૧૯૭૨ હેઠળ કરેલા ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ ૧૯૭૪ની જોગવાઇ મુજબ ૨૬-૨-૧૯૬૦થી ગુજરાતી માધ્યમની શાળા તરીકે કરવામાં આવી હતી. ત્યારબાદ ક્રમશઃ શાળાનો વિકાસ થતો રહયો છે.

૨. આ સંસ્થાના પાયાના પથ્થર સમાન પ્રથમ ટ્રસ્ટી મોબેદ રતનજી રૂસ્તમજી જીજી એ આ શાળાના સ્થાપના બીજ રોપ્યા હતા. અને હાલમાં નગીનભાઇ પટેલ પ્રમુખ તરીકે ફરજ બજાવે છે. અને તેમના સહયોગથી શાળા એક નાનકડા બીજમાંથી એક વટવૃક્ષ બની છે.

**૮.૨ સંસ્થાની સ્થાપનાના હેતુ અંગેના તારણો**

૧. ગામમાં શાળા ન હોવાથી ગ્રામીણ વિસ્તારમાં બાળકોને ભણતરની સુવિધા મળી રહે તે માટે સંસ્થાની સ્થાપનાનો મૂળ હેતુ હતો.

૨. કન્યા કેળવણીને પ્રાધન્ય મળે.

**૮.૩ સંસ્થાની ભૌતિક સુવિધા સંબંધી તારણો**

૧. સંસ્થામાં આચાર્યની ઓફિસ, શિક્ષકો માટે સ્ટાફ રૂમ, બિનશૈક્ષણિક કર્મચારીઓની ઓફિસ, ટ્રસ્ટી અને મંડળના સભ્યની ઓફિસ વગેરે સુવિધાઓ પણ ઉપલબ્ધ છે.

૨. સંસ્થામાં પ્રયાગશાળા, ચિત્રકલા ખંડ, કમ્પ્યુટર ખંડ, ગ્રંથાલય ખંડ, જીમનાસ્ટીક ખંડ, પ્રોજેક્ટર ખંડ, પ્રાથનાખંડ વગેરેની સુવિધા જોવા મળી છે.

**૮.૪ સંસ્થામાં વર્તમાન સમયનાં શિક્ષણ લેતાં વિદ્યાર્થીઓની સાંખ્યિક માહિતી અંગેના તારણો**

૧. સંસ્થામાં ધોરણ-૯માં ૧૮૦ વિદ્યાર્થીઓ, ધોરણ-૧૦માં ૧૯૫ વિદ્યાર્થીઓ, ધોરણ-૧૧માં ૧૨૬ વિદ્યાર્થીઓ, અને ધોરણ-૧૨માં ૧૧૩ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

૨. સંસ્થામાં વર્તમાન સમયમાં કુલ ૬૧૪ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

**૯. સંસ્થાનાં વર્તમાન સમયના શૈક્ષણિક કર્મચારી અંગેના તારણો**

૧. સંસ્થામાં શૈક્ષણિક કર્મચારીઓ કુલ ૨૫ છે. તેમાં ૧૬ શિક્ષકો અનુસ્નાતકની ડિગ્રી ધરાવે છે. અને ૯ શિક્ષકો સ્નાતકની ડિગ્રી ધરાવે છે.

**૧૦.ઉપસંહાર**

સંશોધનમાં સમગ્ર સંશોધનની ફલશ્રુતિ સ્વરૂપે સંશોધનો સારાંશ, પ્રાપ્ત થયેલા તારણો દર્શાવવમાં આવ્યા છે. આમ, સંશોધકે પ્રસ્તુત સંશોધનનો અહેવાલ રજૂ કરી ને ડી.એલ.કે.શાહ સંજીવની હાઇસ્કૂલ, દામકાની અપ્રકાશિત બાબતો પર પ્રકાશ પાડવા અને તેના વિવિધ પાસાંઓની વિગતે છણાવટ કરવાનો પ્રયત્ન કર્યો છે. પ્રસ્તુત સંશોધન ટ્રસ્ટી મંડળ,

આચાર્ય, શિક્ષકો, બિનશૈક્ષણિક કર્મચારીઓ, કેળવણીકારો, વિદ્યાર્થીઓ, વાલીઓ, સમાજ તેમજ શૈક્ષણિક સંસ્થાઓ પર સંશોધન હાથ ધરનારા સંશોધકોને માર્ગદર્શન રૂપ નીવડશે એવી સંશોધકને શ્રદ્ધા છે.

**સંદર્ભસૂચિ**


૧. આચાર્ય, એમ.(૨૦૦૯). શિક્ષણમાં સંશોધનનું પદ્ધતિ શાસ્ત્ર.(પ્રથમ આવૃતિ) અમદાવાદઃ અક્ષર પબ્લીકેશન ગુજરાત રાજ્ય પૃષ્ઠ-૨૫૦.

**૨.** ઉચાટ, ડી.એ(૨૦૦૯).શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિ શાસ્ત્ર.(પ્રથમ આવૃતિ) સાહિત્ય મુદ્રાલય અમદાવાદ પૃષ્ઠ-૧૦૬.

૩. દેસાઇ, એચ.જી અને દેસાઇ કે.જી(૧૯૯૭). સંશોધનની પદ્ધતિઓ અને પ્રવિધિઓ (છઠ્ઠિ આવૃતિ) અમદાવાદ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય પૃષ્ઠ-૮૫.

૪. Best, J.W.(1953), Research in education (3rd edition), New delhi:Prentice hall of India(PVt)Ltd(Page no-246).

૫. wikipedia.org/wiki/valedictorian.